

કૃષિ મહોત્સવ ૨૦૧૬ અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામા છોટાઉદેપુર, પાવીજેતપુર અને ક્વાંટ તાલુકાઓના ખેડૂતો માટે તા: ૧૩ અને ૧૪ મે, ૨૦૧૬ દરમ્યાન એ પી એમ સી, પાવીજેતપુર ખાતે કૃષિ પ્રદર્શન અને સેમીનારનું આયોજન કરવમાં આવેલ. તા: ૧૩-૫-૨૦૧૬ના રોજ સદર કૃષિ મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે પ્રભારી મંત્રી, છોટાઉદેપુર જિલ્લો અને રાજ્ય કક્ષાના મંત્રી, માર્ગ અને મકાન વિભાગ, માનનીયશ્રી જયદ્રથસિંહ પરમાર તથા ધારાસભ્યશ્રી જેતપુરપાવી, શ્રી જયંતીભાઇ રાઠવા ઉપસ્થિત હતા. વધુમાં છોટાઉદેપુર જિલ્લાના નવનિયુક્ત કલેક્ટર શ્રી વિજય ખરાડી તેમજ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અમૃતેશ ઔરંગાબાદ, જિલ્લા ખેતી અધિકારી શ્રી પી. એમ. આચાર્ય, આણંદ કૃષિ યુનિવર્સિટીના જિલ્લા નોડલ વૈજ્ઞાનિક ડૉ. સુનિલ પટેલ, અન્ય વૈજ્ઞાનિકો તેમજ જી. એસ. એફ. સી. અને જી. એન. એફ. સી. ના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.




કૃષિ મહોત્સવ 2016 અંતર્ગત છોટાઉદેપુર જિલ્લામા છોટાઉદેપુર, પાવીજેતપુર અને ક્વાંટ તાલુકાઓના ખેડૂતો માટે તા: ૧૩ મે, ૨૦૧૬ના રોજ એ પી એમ સી, પાવીજેતપુર ખાતે કૃષિ પ્રદર્શન અને સેમીનારનો ઉદ્ઘાટન સમારોહ પ્રભારી મંત્રી, છોટાઉદેપુર જિલ્લો અને રાજ્ય કક્ષાના મંત્રી, માર્ગ અને મકાન વિભાગ, માનનીયશ્રી જયદ્રથસિંહ પરમાર તથા ધારાસભ્યશ્રી જેતપુરપાવી, શ્રી જયંતીભાઇ રાઠવા તેમજ અન્ય પદાધિકારીઓ અને કૃષિ વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં ખેડૂત ભાઇઓ/બહેનોએ પણ હાજર રહી ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.